પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૩ | ૫ ડિસેમ્બર, ૨૦૨૧, રવિવાર; માગશર સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઓમિક્રોન ગુજરાતમાં : જામનગરમાં પ્રથમ કેસ

**ઓમિક્રોન વાયરસે ગુજરાતની ઊંઘ ઉડાડી : જામનગરનો દર્દી હાઈરિસ્ક દેશમાંથી ગુજરાતમાં આવ્યો હતો, રાજકોટના બે દર્દીઓનો રિપોર્ટ હજી પેન્ડિંગ છે**

ગાંધીનગર,તા.૪

ડરના માહોલ વચ્ચે આખરે ઓમિક્રોન વાયરસની ગુજરાતમા એન્ટ્રી થઈ છે. જામનગરમાં ઓમિક્રોન વાયરસનો પહેલો કેસ નોંધાયો છે. ઝિમ્બાબ્વેથી પરત આવેલા નાગરિકના ઓમિક્રોન વાયરસ મળી આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા દર્દીનો રિપોર્ટ પુના ખાતે મોકલાયો હતો. ત્યારે હવે ગુજરાતમાં દહેશતનો દોર શરૂ થવા જઈ રહ્યો છે. આ માટે ગુજરાતમાં હવે સતર્કતા જરૂરી બની છે. જામનગરનો દર્દી હાઈરિસ્ક દેશમાંથી ગુજરાતમાં આવ્યો હતો. ત્યારે રાજકોટના બે દર્દીઓનો રિપોર્ટ પણ હજી પેન્ડિંગ છે. જે જોતા ગુજરાતમા ઓમિક્રોનના કેસમાં




વધારો થાય તે જરૂરી બન્યુ છે. ગુજરાતમાં ઓમિક્રોનની દસ્તકથી આરોગ્ય તંત્ર એલર્ટ થઈ ગયુ છે. ગુજરાતમાં પ્રથમ કેસ પોઝિટિવ આવતા સરકાર હરકતમાં આવી ગઈ છે. ગાંધીનગરમાં બેઠકનો દોર શરૂ થયો છે. ગાંધીનગરમાં તાત્કાલિક અસરથી આરોગ્ય વિભાગની બેઠક મળી છે. હવે આ ચર્ચા બાદ મુખ્યમંત્રી નિવાસસ્થાને બેઠક મળશે. આ બેઠકમાં ગુજરાતમાં ટેસ્ટિંગ અને ટ્રેસિંગ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થશે. તેમજ ગુજરાતમાં કયા કયા પગલા લઈ શકાય અને નિયંત્રણો લગાવવાના મામલે પણ મહત્વની ચર્ચા થઈ શકે છે. આખરે ઓમિક્રોન વાયરસે ગુજરાતમાં એન્ટ્રી કરી લીધી છે. જીવલેણ વાયરસની ગુજરાતમાં એન્ટ્રીથી આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયુ છે. ઓમિક્રોનનો વેરિયન્ટ ગુજરાતમાં એક્ટિવેટ થતા જ જામનગરના દર્દીના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરન્ટાઈન કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જામનગરનો શખ્સ ઝિમ્બાબ્વેથી પરત ફર્યો હતો. મોરકડાં ગામના વ્યક્તિની ટ્રાવેલ હિસ્ટ્રી આફ્રિકાથી આવ્યો હોવાનું જાણવા મળતા જ તેને તાત્કાલિક આઈસોલેટ કરવામાં આવ્યો હતો. આઈસોલેટ કરાયેલ પુરુષને ઓમિક્રોનનો વાયરસ છે કે નહીં તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા હતા અને સેમ્પલ પુણેની લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા હતા. રિપોર્ટ ન આવે ત્યાં સુધી આફ્રિકાથી આવેલ વ્યક્તિને આઈસોલેટ રાખવામાં આવ્યો હતો. પણ હવે તેમાં ઓમિક્રોન મળી આવતા આરોગ્ય વિભાગમાં પણ ફફડાટ ફેલાયો છે. આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલે પ્રથમ કેસ વિશે જણાવ્યું કે, હાઈરિસ્ક દેશોમાઁથી આવેલા લોકોનું ટેસ્ટીંગ એરપોર્ટ પર ચાલુ જ છે. જામનગરનો શખ્સ એરપોર્ટ પર આવતા જ તેનુ સેમ્પલ પુનાની લેબોરેટરીમાં મોકલી અપાયો હતો.

## મહારાષ્ટ્રમાં પણ ઓમિક્રોનની એન્ટ્રી

મુંબઈ, તા. ૪

મોડીસાંજે સત્તાવાર માહિતી મુજબ મહારાષ્ટ્રમાં પણ ઓમિક્રોનનો વધુ એક કેસ નોંધાયો હતો. મહારાષ્ટ્રના આરોગ્ય તંત્ર દ્વારા જાહેર કરાયું છે કે, મહારાષ્ટ્રમાં સાઉથ આફ્રિકાથી આવેલ નાગરિકનો પ્રથમ કોરોના પોઝીટવ નોંધાયો હતો ત્યારબાદ શંકાસ્પદ રીતે ઓમિક્રોન લાગતા સેમ્પલ પુણે લેબોરેટરીમાં મોકલાયા હતા જેમાં સાંજે ઓમિક્રોન હોવાની સત્તાવાર રીતે જાહેરાત કરાઈ હતી. આમ દેશમાં હવે ઓમિક્રોનના કુલ ચાર કેસ નોંધાયા છે જેમાં કર્ણાટકમાં બે અને ગુજરાત, મહારાષ્ટ્રમાં એક-એક નોંધાયો છે.

## વરિષ્ઠ ટીવી પત્રકાર વિનોદ દુઆનું નિધન

નવી દિલ્હી, તા.૪

વરિષ્ઠ ટીવી પત્રકાર વિનોદ દુઆનું નિધન થઈ ગયું છે. રવિવારે વિનોદ દુઆના અંતિમ સંસ્કાર થશે. તેઓ ૬૭ વર્ષના હતા. આ વર્ષની શરૂઆતમાં વિનોદ દુઆ કોરોના વાયરસથી સંક્રમિત થતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમ છતાં, વિનોદ દુઆની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહીં. વિનોદ દુઆ હિન્દી પત્રકારત્વનો જાણીતો ચહેરો હતા. તેઓને વર્ષ ૨૦૦૮માં ભારત સરકાર તરફથી પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

# ઝડપથી ફેલાતો ઓમિક્રોન વધુ ઘાતક નથી : આઈસીએમઆર

**આઈસીએમઆરના વૈજ્ઞાનિકોનો રાહત આપતો દાવો : લોકોએ આ વાયરસના બદલાયેલા સ્વરૂપથી કારણ વગર ડરવાની જરૂર નથી પરંતુ સાવધાની રાખવી ખૂબ જ જરૂરી હોવાની વૈજ્ઞાનિકોની સલાહ**

નવી દિલ્હી, તા.૪

દેશમાં ઓમિક્રોન વેરિએન્ટના કેટલાક કેસ સામે આવ્યા છે. આવતા કેટલાક દિવસોમાં આ કેસોની સંખ્યામાં વધારો થઈ શકે છે. વાયરસનું આ બદલાયેલું સ્વરૂપ મહત્તમ લોકોને ન માત્ર સંક્રમિત કરે છે પણ તેમના પર પોતાની અસર પણ છોડે છે. આઈસીએમઆરના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, વાયરસના આ બદલાયેલા સ્વરૂપની આક્રમકતા જ તેની સૌથી મોટી કમજોરી છે. આઈસીએમઆરના ચીફ એપિડમોલોજિસ્ટ ડોક્ટર સમીરન પાંડાએ જણાવ્યું કે, જે વાયરસ વધારે પ્રમાણમાં ફેલાય છે તે વધારે ઘાતક ન હોઈ શકે. આના માત્ર પુરાવા નથી પરંતુ વૈજ્ઞાનિક તથ્યો પર પણ આ વાત કહેવામાં આવી રહી છે. આ કારણે લોકોએ આ વાયરસના બદલાયેલા સ્વરૂપથી કારણ વગર ડરવાની જરૂર નથી પરંતુ સાવધાની રાખવી ખૂબ જ જરૂરી છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના મુખ્ય મહામારી વિશેષજ્ઞના મતે ઓમિક્રોન વેરિએન્ટથી લઈને ડેલ્ટા અને બીજા વેરિએન્ટમાં અત્યાર સુધીના અધ્યયન દરમિયાન એ જાણવા મળ્યું છે કે, જેટલા બદલાયેલા સ્વરૂપમાં મહત્તમ પ્રમાણમાં ફેલાવાની આક્રમકતા હતી તેની લોકો ઉપર અસર ઓછી જોવા મળી છે. ડોક્ટર સમીરન પાંડાએ તેનુ કારણ બતાવતા જણાવ્યું કે, બદલાયેલા સ્વરૂપમાં લક્ષણો હળવા હોય છે અને જેમાં સંક્રામક સંખ્યા વધારે હોય છે તે પોતાની અસર વધારે દેખાડી શકતું નથી.

ઉદાહરણ આપતા ડોક્ટર સમીરન પાંડાએ જણાવ્યું કે, જો વાયરસ વધારે ઘાતક હોય અને પોતાના હોસ્ટને (સંક્રમિત વ્યક્તિને) મારી નાખતો હોય તો એવામાં મૃત વ્યક્તિથી સંક્રમણ ફેલાવાનું જોખમ નગણ્ય થઈ જાય છે. આવી સ્થિતિમાં સંક્રમણનું સ્તર એટલી ઝડપથી નથી ફેલાતું જેટલી ઝડપથી શરૂઆતમાં ઓમિક્રોન સ્વરૂપના કેસો સામે આવ્યા છે.

ડોક્ટર સમીરન પાંડાએ દાવો કર્યો હતો કે, ભારતમાં જેટલા કેસ સામે આવ્યા છે એ બધાનો સામનો કરવા માટે વધારે પ્રમાણમાં વેક્સિનેશન અને કોવિડથી બચવા માટે તૈયાર કરવામાં આવેલી ગાઈડલાઈન જ સૌથી મોટું કવચ છે. તેમણે જણાવ્યું કે આ વેરિએન્ટ એજ પ્રકારે ફેલાય છે જે રીતે આગળનો વેરિએન્ટ ફેલાતો હતો. તેથી આગળના વેરિએન્ટથી બચવા માટેના જે ઉપાયો અને નિયમો હતા તે જ આમાં પણ લાગુ પડશે. તેથી ડરવાનું છોડીને મહામારીથી બચવા માટે જણાવવામાં આવેલા ઉપાયોનું પાલન કરો.

## દ.આફ્રિકામાં બાળકોમાં કોરોનાના કેસ વધતાં ચિંતા

દક્ષિણ આફ્રિકામાં એક્સપર્ટે બાળકોમાં કોરોના વાયરસના વધી રહેલા કેસો પર ચિંતા વ્યક્ત કરી છે. ત્યાં શુક્રવાર રાત સુધી સંક્રમણના ૧૬,૦૫૫ નવા કેસ સામે આવ્યા હતા અને ૨૫ સંક્રમિતોના મોત થયા હતા. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કમ્યુનિકેબલ ડિસીઝના ડૉક્ટરના જણાવ્યા મુજબ, અગાઉ બાળકોમાં કોરોનાની મહામારીની આટલી અસર થઈ નહોતી અને બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવાની પણ વધારે જરૂર નહોતી ઊભી થઈ.

## ન્યૂઝીલેન્ડનો ઘબડકો, પ્રથમ ઈનિંગ્સ ૬૨ રનમાં સમેટાઈ

**ભારત પ્રથમ ઈનિંગ્સમાં ૩૨૫, બીજી ઈનિંગ્સમાં વિના વિકેટે ૬૯ રન, ભારતીય ટીમની કુલ લિડ ૩૩૨ રન**



મુંબઈ, તા.૪

મુંબઈના વાનખેડેમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચનો બીજો દિવસ ભારતના નામે રહ્યો છે. પ્રથમ ઈનિંગમાં ૩૨૫ રન બનાવ્યા બાદ ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડને તેની પ્રથમ ઈનિંગમાં માત્ર ૬૨ રનમાં ધરાશાયી કરી દીધું હતું. ત્યારબાદ મયંક અગ્રવાલ અને ચેતેશ્વર પુજારાએ ભારતને સારી શરૂઆત અપાવી છે. બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે ભારતે વિના વિકેટે ૬૯ રન બનાવી લીધા છે. સ્ટમ્પ સમયે મયંક અગ્રવાલ ૩૮ અને ચેતેશ્વર પુજારા ૨૯ રન બનાવી અણનમ રહ્યા હતા. આ સાથે ભારતની કુલ લીડ ૩૩૨ રન થઈ ગઈ છે.

ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે ન્યૂઝીલેન્ડને બે શરૂઆતી ઝટકા આપ્યા હતા. વિલ યંગ ૪ રનના સ્કોર પર તો કેપ્ટન ટોમ લાથમ માત્ર ૧૦ રન બનાવી આઉટ થયા હતા. ત્યારબાદ સિરાજે અનુભવી રોસ ટેલરને ૧ રન પર બોલ્ડ કરી ટીમને ત્રીજી સફળતા અપાવી હતી. અક્ષર પટેલે ૮ રન પર ડેરિલ મિચેલને પેવેલિયન પરત મોકલી આપ્યો હતો. જયંત યાદવે રચિન રવિન્દ્રને ૪ રનના સ્કોરે આઉટ કર્યો હતો. આર અશ્વિને બ્લંડેલને ૮ અને સાઉદીને શૂન્ય રને આઉટ કર્યા હતા. ત્યારબાદ સમરવિલે પણ શૂન્ય રન બનાવી અશ્વિનનો શિકાર બન્યો હતો. અક્ષર પટેલે કાઈલ જેમિસનને ૧૭ રને આઉટ કરી કીવીની ઈનિંગનો અંત કર્યો હતો.

# એમએસપી પરની કમિટીમાં પાંચ ખેડૂત નેતાનો સમાવેશ

**કૃષિ કાયદો પરત લીધા બાદ હવે MSPનો મુદ્દો ચર્ચામાં : પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશના કિસાન સંગઠનો તરફથી અનેક નામો પર વિચાર કરાયો**

નવી દિલ્હી, તા.૪

કૃષિ કાયદો પરત લીધા બાદ હવે એમએસપીનો મુદ્દો ઘણા દિવસથી ચર્ચામાં છે. તેવામાં કેન્દ્ર સરકારે એમએસપી પર બનનારી કમિટી માટે પાંચ નામ કિસાન સંગઠનો પાસે માંગ્યા હતા. આજે સંયુક્ત કિસાન મોર્ચાની મળેલી બેઠકમાં પાંચ નામ નક્કી કરવામાં આવ્યા છે. કિસાન સંગઠનોએ એમએસપી પર ચર્ચા માટે અશોક ધાવલે, ગુર નામ ચડ્ઢની, યુદ્ધવીર સિંહ, શિવ કુમાર શર્મા ઉર્ફે કક્કા અને બલવીર સિંહ રાજેવાલનું નામ નક્કી કર્યુ છે.

તમને જણાવી દઈએ કે સંયુક્ત કિસાન મોર્ચાની બેઠકમાં પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના કિસાન સંગઠનો તરફથી અનેક નામો પર વિચાર કરવામાં આવ્યો હતો. કિસાનોની નારાજગી બાદ કેન્દ્ર સરકારે ત્રણેય કાયદા પરત લઈ લીધા છે. પરંતુ સરકારે કિસાનોને તે કહ્યું કે, હવે કાયદા પરત લઈ લીધા છે તો આંદોલન સમાપ્ત કરી દો. તો કિસાન નેતા કહી રહ્યાં છે કે આંદોલન ત્યારે સમાપ્ત થશે જ્યારે સરકાર એમએસપી પર કાયદો બનાવશે. ત્યારબાદ સરકાર કમિટી બનાવી એમએસપી પર ચર્ચા કરવા તૈયાર છે. શનિવારે સંયુક્ત કિસાન મોર્ચાની બેઠક થઈ જેમાં સરકાર સાથે એમએસપી પર ચર્ચા કરવા માટે પાંચ નામ નક્કી કર્યા છે. કિસાન નેતાઓ અનુસાર હાલ એમએસપીને સપોર્ટ ન કરવાને કારણે કિસાન પરેશાન થાય છે.

## ઓમિક્રોનની અસર : બિટકોઈનમાં કલાકમાં જ ૧૦ હજાર ડોલરનો કડાકો

**ઓમિક્રોનની અસર ક્રિપ્ટોકરન્સીમાં પણ જોવા મળી : જોકે, બાદમાં તેમાં થોડો સુધારો થયો હતો અને તેની કિંમત આખરે ૪૭,૬૯૩.૭૫ ડોલર પર આવી ગઈ હતી**

મુંબઈ, તા.૪

કોરોના વાયરસના નવા ઓમિક્રોન વેરિયન્ટથી સમગ્ર વિશ્વની ચિંતાઓ વધી ગઈ છે. તેની અસર ક્રિપ્ટોકરન્સી પર પણ જોવા મળી રહી છે.

શેરબજારથી લઈને ક્રિપ્ટોકરન્સીમાં તેની અસર જોવા મળી રહી છે. સૌથી લોકપ્રિય ક્રિપ્ટોકરન્સી બિટકોઈનમાં એક જ કલાકમાં મોટો કડાકો બોલાયો હતો. શનિવારે સવારે તેમાં એક જ કલાકમાં ૧૦,૦૦૦ ડોલરનો ઘટાડો થયો હતો અને તે ૪૨,૦૦૦ ડોલરની નજીક પહોંચી ગયો હતો.

જોકે, બાદમાં તેમાં થોડો સુધારો થયો હતો અને તેની કિંમત ૪૭,૬૯૩.૭૫ ડોલર પર આવી ગઈ હતી. બિટકોઈન બાદ બીજી સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી ઈથેરિયમમાં પણ ઘટાડો થયો હતો અને તે ૧૫ ટકા તૂટીને ૩,૯૦૫ ડોલર પહોંચી ગયો હતો.

કોરોના વાયરસના નવા અને ખતરનાક ઓમિક્રોન વેરિયન્ટના કારણે વૈશ્વિક બજારો પર તેની અસર પડી રહી છે. આ ઉપરાંત યુએસ ફેડરલ રિઝર્વ ચેરમેન જેરોમ પોવેલના હોકિશનેસ તરફ ઝુકાવના કારણે પણ તેમાં ઘટાડો થયો છે.

યુએસ ફેડના બોન્ડ-ખરીદી કાર્યક્રમના ઝડપી ઘટાડાને માટે પોવેલનો ટેકો જે સિસ્ટમને ઓછી

● અનુસંધાન પાન-૭ પર

**દુઃખાવાના દર્દીઓ માટે કેમ્પ**
તારીખ : ૬ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૬ થી ૮
૫૦% રાહત
→ તપાસ ફી માં અને
→ ક્લીનીકમાં થતી સારવારમાં
રિલીફ પેઈન ક્લીનીક
૩૨૪, રાધે સ્ક્વેર, રિલાયન્સ સર્કલ, કુડાસણ, ગાંધીનગર
ડો. રાજીવ હર્ષે (એમ.ડી.)
દુઃખાવાની સારવારના નિષ્ણાંત
કમરનો દુઃખાવો | રાંઝણ સાયેટીકા | ઢીંચણનો દુઃખાવો | ખભાનો દુઃખાવો | અન્ય જુના દુઃખાવા

**ફ્લેટ વેચવાનો છે**
(Fully Furnished)
(ફુલ ફર્નિચર) સાથે
3 BHK સુયસ સ્ટેટસ, સીટી પલ્સ સીનેમાની બાજુમાં, ગાંધીનગર
મો. ૯૯૭૮૯૯૬૩૦૧

**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

**વાછાણી હોસ્પિટલ**
NABH Certified
'0'-'0' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ઢીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
● વધુ માહિતી માટે સપર્ક કરો ●
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

